# કાવ્ય-કોડિયાં

જગદીશ જોષીનાં કાવ્યો

# અનુક્રમણિકા


વિસ્મય.....4
હરી સાથે અમસ્તી વાત.....5
જોઈ રે'તો..... .....8
થોકોડો.....9
S.S.C.નાં વિદ્યાર્થીઓને વિદાય.....10
વાયરો.....11
સંબંધ.....12
ડંખ.....13
અનુભૂતિ.....14
અરે કોઇ તો.....16
કોઇ તો કહો !.....18
રસ્તો, રાત અને હું.....20
અબોલડા.....24
દંતકથા.....25
મુદ્રા.....26
અવહ્લા.....27
નદી.....28
આકાશ.....29
અ–પ્રીતભાવ.....31
ચાલને પિયા !.....32
વિદાય ?.....33
એક હતી સર્વકાલીન વારતા.....34
એકલતા.....35
છેલકડી.....36
શરણાયું.....37
જાણ છે !.....38
જળને કહી દો.....40
એમ.....42
—ભલ.....43
વારો નહીં.....44

કેમ કરીને....45
....એટલે નેહ આપણો.... ....46
તમને તો....47
વાતોની કુંજગલી....48
વિષમભોગ ... ....49
આપણો નાતો....50
એટલે......51
સળિયા પાછળ ....52
વમળવનમાં....54
હું અધૂરી પ્યાલીને....55
કોઈ દિવસ સાંભળ્યું ?....56
મળો તો—....57
—ની ઉકતિ....58
નિવેદન....59
એટલે ?—....61
લયને તળાવકાંઠે....62
ઇન્દ્રિયોપનિષદ્....64
પ્રવાહ....69
જલ આવાસ્યમ્ ....71
ક્ષણ....72
શોકસભા પહેલાં અને પછી....78
હું જોઉં છું મારી ઉત્તરક્રિયા....82
પ્રશ્ન ....84
લાગણીની અ-ગીત વિરૂપિકા ....85

## જગદીશ રામચંદ્ર જોષી

**જન્મ** : 9 ઓક્ટોબર, 1932

મુંબઈ

**અવસાન** : 21 સપ્ટેમ્બર, 1978

મુંબઈ

**કાવ્યસંગ્રહો :**

આકાશ **(1973)**

વમળનાં વન **(1976)**

મોન્ટા-કૉલાજ **(1979)**

---------------------------------------------------

## વિસ્મય

આ તો બીજમાંથી ફૂટી છે ડાળ

કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ !

આખુંય આભ મારી આંખોમાં જાગે

લઈ પંખીના સૂરની સુવાસ :

તૃણતૃણમાં ફરકે છે પીંછાનો સ્પર્શ , અહીં

ઝાકળનો ભીનો ઉજાસ

એક એક બિંદુમાં સમદરની ફાળ :

કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ !

સળવળતી કળીઓમાં રાધાની વેદના

ને ખીલેલાં ફૂલમાં છે શ્યામ :

ડાળીએથી ડોકાતા તડકામાં જોઈ લીધી

ક્યાંક મારી લાગણી લલામ.

પળપળનાં પોપચાંમાં મરકે ત્રિકાલ :

કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ.

---------------------------------------------------

## હરી સાથે અમસ્તી વાત

[એક જન્મજાત બીમાર કન્યાની]

હરિ, મારા યાર !
આવવામાં
આટલી બધી વાર ?

મારી અક્ષત કાયા
કણકણ થઈને વેરાઈ રહી છે
તારી પ્રતીક્ષામાં.

અબાધ તિતિક્ષા
મારા તાળવે ચોંટી જઈ
તેને કોરી ખાય છે.
મારી ચામડીના પાનેતરના લાલ રંગને
ધોઇ ધોઇ ને સફેદ કરવામાં
અને મારી પાંસળીમાંથી ઘડેલા
ચૂડલાની કાંગરી કોતરવામાં જ
મેં આ આખુંય વિતાવ્યું છે.

મારું આખુંય ............

બાળપણ તારા ભોળપણના પ્રતિકારમાં

ને

જોબન તારા ઠેલાતા જતા અભિસારમાં !

છતાં વાર્ધકયનો અફાટ ઓછાયો એ જ

મારું યૌવન......

હરિ, મારા લાલ !

નહીં....

નહીં જ જુએ આ હાલ !

મારા ગાલ

લોકોની દયા સહી સહી

ગેગી ગયા છે.

તને જકડી રાખવા જેટલુંય

જ્યારે હાથમાં જોર નહીં હોય

ત્યારે—

ક્યારે, ત્યારે આવીશ ?

આ કઠોરતાને

છાવરી લેતી

તારી મૂર્તિની રમણીયતા

મારી આંખોને હજીયે રંગી રહી છે.

હરિ, મારા નાથ !

આવવામાં આ ઢીલ—આ વિલંબ—સામે

મારી સહનશીલતાની ખીણો પથરાયલી પડી છે.

મારો શૃંગાર

તારો માર્ગ થઇ પસરી પડ્યો છે.

હરિ, મારા દેવ !

જલ્દી આવ ને ! !

લોકો નાહક તારી નિંદા કરે છે...

મારું જો ચાલત ને તો

હું

તેઓને

તને ‘યમદેવ’ કહીને સંબોધવા ન દેત.........

----------------------------------------------------

## જોઈ રે'તો......

સૂતી મેડી, તરુ, વિહગ ને હીંચકો તેય સૂતો
ઝોકે જાતાં પશુ, ન રણકે ડોકની ઘંટડીઓ :
ભાર્યો ચૂલો, ગરવુ ઊણું ને ઠામડાં એંઠ ચાટે

કૂવે સૂતાં સૂનમૂન ગરેડી અને દોરડુંયે.
સૂકી ધારા નભથી વરસે ને ધરા સ્તબ્ધ વ્યગ્ર

ચીલા ઝંપ્યા, તગતગ થતા ડુંગરાઓ અપંગ :
નીકે ભીની પડખું ફરીને હાંફતા શ્વાન લેટ્યા.
કંઠે વીંટ્યાં મૃગજળ અને આંખમાં અગ્નિ પેટ્યા.
ધીખેલી આ નજર વળગે આભને, ને હવાને :
ત્યાં આ કેવું અચરજ ? મને વાદળી કો વળૂભે !
ટીપુંયે ના જલ વરસતું કે નહીં છાંય ક્યાંય

તોયે કેવું ઉપવન અહીં રંગની શીય ઝાંય !
વેગે જાતા સમયસ્થના સાંભળું ઘૂઘરાઓ
જોઈ રે'તો પળવિપળમાં ઉંબરા, ડુંગરાઓ.

-------------------------------------------

# થોકોડો

થાંભલા ઉપર મોભ ઊભા ને થાંભલા ભણે મીણા !
થાંભલો બહુ થાય તો ઢળે, મોભના ભાયગ હીણા.
ઘર ઊભું છે ગામને છેડે આંગણે કોરો કૂવો
જાંબુડીયે નહીં પાન એકે ને ઝૂકતો'રે અધમૂવો.
રાન પશુ શો તડકો આંખે ન્હોર ભરાવે તીણા :
થાંભલા ઉપર મોભ ઊભા ને થાંભલો ભણે મીણા.
એકલદોકલ હીંચકો પડ્યો પગની ઝંખે ઠેસ,
ગારમાં પડ્યા પોપડા હવે કાળના લુખ્ખા કેશ.
ખડકી, ફળિયું, ઓરડાઓ તો આંખને ખૂણે ભીના :
થાંભલા ઉપર મોભ ઊભા ને થાંભલા ભણે મીણા !

-----------------------------------------------

## S.S.C.નાં વિદ્યાર્થીઓને વિદાય

સમુદ્રનું એક એક મોજું

કિનારાની થોડી થોડી રેતીને સાથે ઘસડી જાય છે :

ધોવાઈ ગયેલી રેતીનો પ્રત્યેક કણ

સૂર્યનાં કિરણોમાં ચળકે પણ ખરો,

અને

પગને દઝાડે પણ.

તમારું આવવું અને જવું ..........

( ઋણાનુબંધ ! )

છતાં

તમારાં જતાં

કોઈ જૂનો જખમ ફરી ફરી

દુઝવા લાગે છે :

પણ કોણ જાણે કેમ

ચીસ

નથી પડાતી.

--------------------------------------------------------

## વાયરો

છંછેડયા સાપના તે વેગથી વછૂટી અહીં

ઝંઝાનો વાયરો વીંઝાયો !

લીલીછમ પાંદડીમાં ઝાડ અને ઝાંખરાંએ

પાગલ આવશે અહીં ઢોળ્યો;

ડાળ ડાળ પાન પાન તોડી તોડી ને વળી

વાયરો વ્યાકુળ થઈ કોળ્યો.

ધરતી પર ડમરી થઈ ઘૂમ્યો-ઝૂમ્યો ને નભે

કાળોડિબાંગ થઈ છવાયો.

ડુંગરાની આડશમાં શમશે એમ માન્યું તો

પડઘાઓ ઊંચકીને દોડે;

સરવરની આંખડીને ધૂળથી રજોટે અને

ઝાકળની કીકીઓને ફોડે.

અવકાશી મોકળાશ માણીને માતેલો

ઝાલ્યો ના કોઇથી ઝલાયો !

-----------------------------------------------------

## સંબંધ

મને તો લાગી'તી
વિશાળી શી પૃથ્વી જલધિભર આ કુંભ સરખી !

ખીલેલાં પદ્મોની પગથી પર શી ચંદ્ર-સુરભિ.
ત્યહીં વેગે વાયા શિશિર-વરણાં વાયુ, હમણાં
ખરેલાં પર્ણોમાં વ્યરથ ભટકે મુગ્ધ હરણં
તિરાડે પૃથ્વીની સ્વપનસમ એ ક્લાન્ત રઝળે :

હવે તો મારો આ સૂરજ શમતો ર્હે મૃગજળે !
પલાણે અશ્વોને પવન ત્યમ સંબંધ સરતો.......
ધસી આવેલાં હ્યાં સમદરતણાં જે જલ, હવે
કિનારે રેતીમાં અરવ થઈ રેખા, તગતગે.
વ્રણોમાં વ્યાપેલું રમરણ-રણ આખું ય સળગે.
—અને ફૂલો, વૃક્ષો ૦ ૦ ૦ ૦ ૦ ૦ તે સહુ હવે
રહ્યાં જૂના કેલેન્ડરસમ દીવાલે લટકતાં.

---

## ડંખ

વીંછીના આંકડાની જેમ મારી વેદનાઓ

ડંખે છે વળી વળી કેમ ?

સીમે આળોટે લીલી વાડીની યાદ, અને

કુવે ઝળુંબે એક વેલો :

થાળામાં કાંકરા ને ડાળી ને ઝાંખરા

પાણીનો ક્યાંય નહીં રેલો.

ચગદીને ચાલી જતી કોમળ પાનીઓ કેમ

આવે ને જાય હેમખેમ ?

બપ્પોરે આભમાંથી સપનાં સાપોલિયાં

થઇને આ આંખમાં લપાયાં :

સ્મરણોએ શ્વાસ જરી લીધો ન લીધો ત્યાં તો

નસનસમાં ઝેર થૈ છવાયાં ;

રજકાના ભૂરા આ નિસાસે કોસતણો

વરસે છે જરી જરી વ્હેમ !

---------------------------------------------------

## અનુભૂતિ

પાંદડી તે પી પીને કેટલું રે પીશે

    કે મૂળિયાંને પડવાનો  શોષ ?

આભ જેવા આભને હૈયામાં હોય કદી

    જળના     વરસ્યાનો અફસોસ ?

એક પછી એક મોજાં આવે ને જાય

    એને કાંઠે બેસીને કોણ  ગણતું ?

વાદળના કાફલાનું ગીત અહીં લ્હેરખીમાં

    રેશમનો   સૂર   રહે        વણતું ;

ઉઘાડી આંખો આ જાગતા ઉજાગરાને

    આઘાં      પરોઢ      આઠ  કોશ !

નીંદરતી આંખમહીં ઊમટીને ઊભરાતું

    જાગે       છે   સપનાનું   ટોળું,

કિરણોની એક એક કાંકરીઓ નાખીને

    જંપ્યું       તળાવ     નહિ   ડ્હોળું

આખા આકાશને ઓઢીને ઠરવાનો

જળને છે ઝીણો સંતોષ !

---

## અરે કોઇ તો

હું એકાગ્ર ચિત્તે વાંચું છું.
સામેની બારીનો રેડિયો
મારા કાનમાં કંઈક ગર્જે છે.
દીવાલ પરનું ઈલેક્ટ્રિક ઘડિયાળ
વર્તમાન સાથે ઘસાતું ચાલે છે.
ટ્યૂબલાઈટનું સ્ટાર્ટર
તમરાંનું ટોળું થૈ કણસ્યા કરે છે.
ઉઘાડા પડેલા દરવાજાની ઘંટી
ડચકાં ભરતી ભરતી રણકે છે.
ઘરનો નોકર દૂધવાળા જોડે
અફવાઓની આપલે કરે છે
પડોશણનો અપરિચિત ચહેરો
કુથલીના ડાયલ ફેરવે છે.
રસ્તા પરનો નાહકનો ઝઘડો
બારી વાટે મારા ઘરમાં પ્રવેશે છે.
ઓચિંતો ફ્યૂઝ જતાં લાઇટ
અંધારું થઈને પથરાઈ જાય છે.
મારો આખો માળો અંધરોધબ....

નીચલે માળથી વ્યાસ બૂમ પાડે છે :

“કાલિદાસ ! તુકારામ ! અલ્યા નરસિંહ !

અરે, કોઇ તો

ઇલેકટ્રિશિયનને બોલાવો !”

બાજુવાળાં મીરાંબેન સ્વસ્થ અવાજે કહે છે :

“અરે, ગિરિધર ! સાંભળે છે કે , —

પહેલાં મીણબત્તી તો લાવ....”

અને—

મારી ચાલીમાં

મારા માળામાં

મારા ઘરમાં

મારા દેશમાં

મીણબતીની શોધાશોધ ચાલે છે.........

---------------------------------------------------

## કોઇ તો કહો !

જ્યારે ગ્રહોને રમાડવાનું

મન થયું

ત્યારે મેં એક પ્લૅનેટેરિયમ બાંધી લીધું છે !

સ્કાયસ્ક્રેપરની

અગાસી પર

વાસી વસંતોને મ્હોરવા દીધી છે !

ભૂતકાળને મેં તસવીરમાં મઢી લીધો છે

અને એ તસવીરનું પ્રદર્શન કરી

મેં લોપ્યા છે કાળના સીમાડા.

એક સ્વિચ ઑન :

—અને બળબળતા અનુકૂળતા.

પાતળા તારમાં પૂર્યા છે શબ્દો

અને એને મુક્ત કરવાની

ચાવી મારા હાથમાં રાખી છે

દવાની શીશીઓમાં

તંદુરસ્તી ભરી

મેં મૃત્યુ સામે પણ ચાલ ચાલી લીધી છે !

મારા બેચેન આકાશમાં

સૂર્ય-ચંદ્રને મેં સાથે પ્રગટાવ્યા...........

................પણ,

કોઇ તો કહો

—હું થીજી રહ્યો છું

કે ભડકે બળી રહ્યો છું ?

------------------------------------------------

## રસ્તો, રાત અને હું

ઊજળી રાત,

કાળા રસ્તા,

છાંયડીને ઊંધે માથે લટકાવીને ઊભેલાં

સૂનમૂન વૃક્ષો.

અંધકારની ગલીઓ, —રાજમાર્ગ :

મોટા રસ્તાઓ, ——મેદાન.

મહાપ્રયત્ને ઢાંકેલી બારીના પડદામાંથી

રડ્યાખડ્યા એકાદ કિરણની જ

અવરજવર—

જવલ્લે જ સરકી જતાં વાહનની જેમ.

હું અને ફૂટપાથ

સાથસાથ

એકબીજાને જકડીને ઊભાં છીએ.

એકલી રઝળતી રાતના અંધકારનો ડર લાગે છે

એમ કહેતાં હું ડરતો નથી.

દીવાલને ટેકે ટેકે એક બિલાડી ઘસાતી જાય છે

કૂતરાને શોધતી

ખિસકોલીની રુવાંટી પરથી ઝાડ સરી જાય છે.

ઝાડ સૂતું હશે : નહીં તો
જીવને આમ જવા દેતા
ઝાડનો જીવ ન ચાલત.
દૂરથી ઓચિંતો અવાજ—

પગ ઘસડીને ચાલતા પ્રેત જેવો.
(કહે છે, તેમને પડછાતો ન હોય !)
મોઢું એ દિશા તરફ વળે છે,
પણ નજર
આંખમાં જ ટૂંટિયું વાળીને પડી છે;
છતાં સરવા કાન
પાસે આવતાં પગલાંને જુએ છે.
પ્રેતગતિએ આવતું ટોળું

ઊંધું ઘાલીને ઢસડાતું ટોળું
એકબીજા સાથે ઘસાતું-ઘસડાતું
–અથડાતું–પછડાતું ટોળું

રાતના પ્રહરની જેમ આગળ વધતું જાય છે.
ઝાંખા ઝાંખા કળાય છે આકાર :
ઘેટાં-બકરાં-ગાય-પાડો-માણસ....

તેમની ખરીઓની ચુપકીદી
અંધકારના ડામરમાં ઓગળી જાય છે.

ડાઘુઓને કોઠે પડી ગયેલી વિરક્તિથી
ટોળું આગળ જાય છે.
ટોળે વળેલા રસ્તાઓ
—માર્ગની એક જ બાજુએ—

સીધે માર્ગે જાય છે.
એકાદ ઘેટું
કદાચ
ટોળામાંથી સરકીને રસ્તાની વચ્ચેવચ આવવા કરે
તો પણ

કોઈ અશરીર લાકડી
પાછું ટોળામાં ધકેલી દે છે—

મારી નિર્જન આંખોની કોરે
માળો બાંધીને રહેવા ઝંખતાં
સ્વપ્નની જેમ.
સ્ટ્રીટ-લૅમ્પના બુઝાતા પ્રકાશના
કૂંડાળામાં

ઘેટાનો પગ પડ્યો

અને

મને

દેખાયું તેની પીઠ પર રંગનું ધાબું.

( કહેવાય છે કે

અનિદ્રાથી પીડાતા યમને

ઘેટાં ગણવાની ટેવ પડી છે. )

આ બધાં જઇ જ રહ્યાં છે.

-----------------------------------------------

## અબોલડા

તેર વરસના અબોલડા ને બાર વરસની પ્રીત !
આ તે કેવી રીત, સજનવા ! આ તે કેવી રીત ?
પગમાં ઊગ્યાં વંન અને આંખોમાં સૂકો દરિયો

ગઢના ઝૂક્યા ઝરૂખડાને ખૂંચે છે કાંકરિયો;

ભવ આ ભાગી રાત બની ગઇ દિવસ થકી વંચિત :
તેર વરસના અબોલડા ને બાર વરસની પ્રીત.
નહીં વરસેલા મેઘ ને એના પડછાયા ગૂંગળાય;
બંધ હોઠની વાત ક્યારની વીજ થઇ અમળાય;

ખડકી આગળ ખીણ ધૂંધળી, રણમાં રડે પછીત :
તેર વરસના અબોલડા ને બાર વરસની પ્રીત.

---------------------------------------------

## દંતકથા

સૂર ઝંખતા કાનમહીં છે કરોળિયાનું જાળું
કંઠે ઊગ્યા બાવળ : આંખે કોયલને પંપાળું.
સ્મૃતિઓ ઠેલે બંધ બારણાં : અંધ દિશા આથડતી
આંગણસુકકું ઘાસઃહ્વા નહીં ઝાકળ પણ પાથરતીઃ
દૂર ગામના દીવા ડૂબે આંખે થઈ ફૂંડાળું.
સાંજ પડે ને પંખી વળતાં આભ વીંટી પાંખોમાં
અંધારું પણ લથડે તારા અભાવની આંખોમાં :
ઝૂરી રહેલા સગપણને લઇ દંતકથા વાગોળું.

---------------------------------------------

**મુદ્રા**

રાતની કાળી રેતીમાં મને સંભળાય છે

સમુદ્રની ઈન્દ્રધનુ-મુદ્રા.
અંધકારનું દ્રઢ અલિંગન
મને તારાથી દૂર દૂર લઇ જાય છે

અને હું મારી પાસે સાવ એકલવાયો થઇ જાઉં છું..
બીજના ચન્દ્રની નૌકામાં હું નીકળી પડું છું
કોઇ અજાણી દિશાએ.
કેળના પાન જેવી મખમલી હવાને વીંધવા માટે
એક વૃક્ષ
સુખથી વ્યાકુળ થઇ ઊઠ્યું છે.
સૃષ્ટિનો આ શયન ખંડ
ઝાકળના અરીસાઓ
નિર્વસ્ત્ર હવા અને વૃક્ષ
અને રાત—

અને સમુદ્રની ઇન્દ્રધનુ-મુદ્રા.

----------------------------------------------------

## અવહેલા

સૂરજને જોઇ મુખ કમલિની ફેરવે

હવે સૂરજને ઢૂંઢવું પાતાળ.

મોઢું દેખાડવાનો મહિમા નહીં : એને

પાંદડીને ચૂમવી વાચાળ.

ખોવાયો ખોવાયો ફરતો રહે બ્હાવરો

ને ઓછપને ઓઢી સંતાય.

નભનો મારગ મથે ટૂંકવવા, શરણાંઓ

પળપળને કાંતી કંતાય.

ઝાઝેરું જીવ્યાનો થાતો અફસોસ : એને

કિરણો પણ લાગે જંજાળ.

વાદળના મ્હેલ સૂના સૂના લાગે ને

હવે જળના દર્પણમાં તિરાડ,

ઝંખેલા પ્રેમને પામ્યા વિના તો હવે

પાંપણ પર પથરાતા પ્હાડ.

આભના બે છેડાની વચ્ચે આ રણ, અને

મૃગજળની ઝળહળતી ઝાળ !

## નદી

સ્મૃતિઓ અને સ્વપ્નો વચ્ચે
એક નદી.
નદીમાં માછલીનાં પ્રતિબિંબ ઊડે છે,

સૂરજ કાદવમાં ફસડાઈ-તરડાઇ રહ્યો છે.

નદી પાસેના વૃક્ષ પર
પંખીના ઓછાયા મેળો બાંધે છે;
માળાને સેવે છે શિકારીની આંખ.
નદી શિયાળામાં થીજી જાય છે
અને ઉનાળામાં સુકાઇ જાય છે :
સદીઓથી જાણે કે
વરસાદ પડ્યો નથી, અને
ઇન્દ્રધનુઓ જળમાં ખીલ્યાં નથી.
સ્મૃતિઓ અને સ્વપ્નોની વચ્ચે
એક નદી....

---

**આકાશ**

તળાવ વગરના તળાવને તળિયે

એક ગામ પથરાયલું પડ્યું છે.

તળાવને એકે તળિયું નથી

ગામમાથે એકે નળિયું નથી.

ડુંગરની કરાડોમાં ઢંકાયેલું તળાવ

ને

ઉઘાડું પડેલું ગામ.

પાણીના પરપોટાને વીંધીને

સૂર્યનું  એક કિરણ

ગામના ચબૂતરે પહોંચી જાય છે :

સાતસાત ભવની પ્રતીક્ષાનાં

—પાંખ વગરનાં—ચકલાં

શેવાળવાળા પથ્થરોમાં

ચણને શોધી રહ્યાં છે.

એક ઘરની દીવાલે

લટકતો

શેડકઢા પ્રેમનો ચહેરો

ખાટ વગરની મોજડીને

તાકી રહ્યો છે.

તળાવને કાંઠે

મારી ઊંઘ

પડખાં ઘસે છે;

તેનાં થીજેલાં અંગોની નીચે

ચગદાતી કૂંપળોની

લીલી ચીસ

ધોળું વાદળ થઈને તરી રહે છે.

તળિયા વગરનું તળાવ

ને

નળિયા વગરનું ગામ...........

બન્નેની વચ્ચે

એક આકાશ

ડૂબી રહ્યું છે !

-----------------------------------------------------

## અ–પ્રીતભાવ

તારા ખોબામાં પારિજાત હશે
એમ માની હું પાસે આવ્યો.

પણ તારા ખાલી ખોબામાં
ઝાકળના બિંદુનિય કંપ નહોતો.
થોર જેવી તારી હથેલીમાં
સ્પર્શનું પંખી ટહુકવાનું ભૂલીને
સૂનમૂન પડ્યું હતું.
તારી કનેથી
પાછો વળી જોઉં છું તો
મારી એકલતાનું વૃક્ષ
પારિજાત ઝરે છે.

-------------------------------------------------------------

**ચાલને પિયા !**

વાંસની કરી છાબડી તેમાં દુઃખ મૂકીને વ્હેણમાં વ્હેતું કરી,
ચાલને પિયા ! સુખની સામોસામ : થશે આ પલ તો ફરીભરી....

નીલ ગગનનો દરિયો લ્હેરે
વાયરો સોનલ સાંજને ઘેરે
નેણ આ ઝૂકે તારે ચહેરે

દૂરના કોઇ સૂર આવીને કેશમાં સિંદૂર જાય રે ભરી :
ચાલને પિયા ! સુખની સામોસામ : થશે આ પલ તો ફરીભરી.....

નભની પેલે પાર વસે છે
સૂનો સૂનો મહેલ હસે છે
શરણાંઓ તો તસતસે છે, —

વાદળ થઈને આંખ તો પછી જાય રે ઝરી, જાય રે ઝરી :
ચાલને પિયા ! સુખની સામોસામ : થશે આ પલ તો ફરીભરી....

હળવે હળવે હવા વહે
મનમાં મારા ઝંખના રહે
'કૈંક તો કહે, કૈંક તો કહે !'

વેણ એ તારા વ્હેણમાં દીવા થઈને સરી જાય રે તરી :
ચાલને પિયા ! સુખની સામોસામ : થશે આ પલ તો ફરીભરી....

## વિદાય ?

આંગળીએ ફરકી કહ્યું ‘આવજો’ ને તોય અહીં આંસુ કેમ ટપક્યું રે આંખથી?
હોઠેથી ચપટું એક ખરી ગયું સ્મિત અને અમળાયું મૌન મારા શ્વાસથી !
પારેવાની પાંખ પરે અક્ષર આંકીને આછો
સંદેશો ક્હાવે તણખલું ;
એકાંતે અટવાતું સાંભળે ન તાડ, છતાં
આભ શાને છળતું આછકલું....

પાદરની પરસાળે બેસીને મોરલો ચીતરતો ટોડલાને ચાંચથી
આંગળીએ ફરકી કહ્યું ‘આવજો’ ને તોય અહીં આંસુ કેમ ટપક્યું રે આંખથી?
ભીની આ લ્હેરખીને વીંધીને વહી ગઈ
ફૂલોની ફોરમતી ચેતના;
કોકિલના કંઠે કાં વ્હેતી મૂકી છે આજ
વણસેલી વાસંતી વેદના ?
લીમડીની ડાળીઓની વચ્ચેથી મોગરાનું ખરતું મેં ફૂલ જોયું ક્યાંકથી !

આંગળીએ ફરકી કહ્યું ‘આવજો’ ને તોય અહીં આંસુ કેમ ટપક્યું રે આંખથી?

---

## એક હતી સર્વકાલીન વારતા

ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં
પણ આખા આ આયખાનું શું ?
ખુલ્લી આ આંખ અને કોરી કિતાબ એને ફરીફરી કેમ કરી વાંચશું ?
માનો કે હોઠ સ્હેજ મ્હોરી ઊઠ્યા ને છાતીમાં મેઘધનુષ ફોરી ઊઠ્યાં
પણ બળબળતી રેખાનું શું ?
આકાશે આમ ક્યાંક ઝૂકી લીધું ને ફૂલોને ‘કેમ છો ?’ પૂછી લીધું
પણ મૂગી આ વેદનાનું શું ?
માનો કે આપણે ખાધું-પીધું અને માનો કે રાજ ! થોડું કીધું યે રાજ
પણ ઝૂરતા આ ઓરતાનું શું ?
ધારો કે રાણી ! તમે જીતી ગયાં અને ધારો કે વાયરા વીતી ગયા
પણ આ માંડેલી વારતાનું શું ?

-----------------------------------------------------------

## એકલતા

એકલતા હોય છે બરફ જેવી

નહીં બોલાયેલા હરફ જેવી

તમે જેવું રાખો છો વર્તન

—મારા તરફ

—એના જેવી

એકલતા—

મને પૂછશો નહીં એકલતાનો અર્થ :

અર્થ તો શબ્દને હોય છે....

....મારે માટે તમે શબ્દ નથી

મારે માટે તમે છો

તમે નહીં બોલાયેલો હરફ

એકલતા હંમેશાં હોય છે....

....બરફ

મારી પળેપળનાં દહન, વમળનાં વન....એકલતા !

-------------------------------------------------------

## છેલકડી

નાનકડી શેરીને છેલકડી પહેરાવો એવી આ ડેલી એક લાગશે.

અણિયાળી મોજડીમાં ચમકયો સૂરજ :

એમાં પાલવ સફાળો મારો જાગશે.

લ્હેરિયાતા સાફાનું છોગું છકેલ

મારી ભીની ભીની પાંપણમાં મરકે,

પોતીકા થડકારા ભૂલીને દલડું તો

રોઝડીના ડાબલા શું ફરકે :

ગરકેલો મોર મારો પીંછાંના માંડવડે

એકાદો ટહુકો તો માગશે !

આંખોમાં આમતેમ પારેવાં ઊડે

ને કમખામાં દીવડાની જ્યોત,

હુક્કાની જેમ મને પી જાજો વા'લમા

કે હું જ કરું મારી ગોતાગોત :

તારા આવતાંની સાથે અહીં કોણે જાણ્યું કે

મારું આયખું પરાયું થઇ ભાગશે ?

----------------------------------------------------------

## શરણાયું

રૂપાની રાબ *ભરી સોનાની વાટકીમાં

છલકાતી ઊભરાતી પીધી

ઘેઘૂર આંખોએ આજ માંડવાનાં તોરણમાં

શરણાયું લટકાવી દીધી.

માંડવાને બાંધવામાં ઊભરાતું લોક પછી

માંડવો ઉખેડવામાં છૂ :

સાંજુકા સામૈયે ઘૂંટ્યો અમલ.....તે તો

ઊઘલતી આંખોને ભૂ

ખાંડાની ધાર અને ઢોલીની દાંડીએ

ઠેકાથી વાટ ઘડી લીધી.

સાફાની કલગીમાં કોયલના સૂર

હવે ચળકે ને સળકે અધીરા !

શમિયાણે બેઠેલા ડાયરાને કહો કે ‘હવે,

હાલો, શિરામણીમાં શીરા :’

આવતી આ વેલ્યતણી વઢિયારી ઝૂલ્યું રે

ઘૂંઘટની વાત કહે સીધી.

---

* કુસુંબા માટે ફુલામણું નામ

-------------------------------------------------------------

**જાણ છે !**

કોઈના અણસારે તમે દૂર જઈ બેઠાં

હવે પાસે આવો તો મારી આણ છે :

તમને તો ઠીક, જાણે છબછબિયાં વ્હેણમાં,

પણ ઊંડા વમળાય તે આ પ્રાણ છે.

કોઈનાં ફલેસાંથી વ્હેણ ના કપાય, નહીં

માપ્યાં મપાય વેણ પ્યારનાં :

દરિયાને નાથવાની લ્હાયમાં ને લ્હાયમાં

કાંઠા તણાઈ ગયા ક્યારના.

સઢના લીરાથી હવે બાંધી છો નાવ, એની

વાયરાને થોડી તો જાણ છે !

લીલીછમ વાડીમાં ગોફણના ઘાવ હવે

ઠાલા, હોકારા હવે ઠાલા

પંખી તો ટાઢકથી ચૂગે છે આમતેમ

ઊડે છે ચાડિયા નમાલા :

વેલાને તાણો તો સમજીને તાણજો, કે

આસપાસ થડની યે તાણ છે !

-----------------------------------------------------

## જળને કહી દો

કૂવામાં વાંસવાંસ પાણી ને તોય
કોરી નજરું લૈ એમ વળી જાશું
આવ્યું પણ આવીને અટક્યું રે
આંખમાં સૂની આ સાંજ સમું આંસુ.

ઘેરાતી સાંજના છે તમને સોગંદ
હવે વાદળાંઓ વિખેરી નાખો
જળમાં આ પંખીની છાંયો પડે ને
તોય પંખીની થાય ભીની આંખો :
છૂટાં પડેલાં આ ટહુકાનાં પીંછાંમાં
અંકાશી ગીત કેમ ગાશું ?
પીળચટ્ટી સાંજનું બેડું તૂટ્યું ને
એમાં સૂરજનો નંદવાયો રંગ
વાવને પગથિયે લીલ થઈ લપસે છે
મળવાના આપણા તરંગ :
પથ્થરની આસપાસ ઝીણું આ જળ :
હવે જળને કહી દો કે પ્હાડ થાશું ?

ન્હૈં આવો તોય મને આશ તો ઉજાસની,

પણ જાશો તો ઘેરો અંધાર;

ઝાલરનું ટાણું ને ગાયો ઊભરાય—

એની આંખોમાં ડંખે ઓથાર :

ચૈતરનો વાયરો વાવડ પૂછે કે

ક્યારે અહીં વરસે ચોમાસું ?

-----------------------------------------------------------

## એમ

ખોબો ભરીને અમે એટલું હસ્યાં

કે કૂવો ભરીને અમે રોઇ પડ્યાં.

ખટમીઠાં સપનાંઓ ભૂરાં ભૂરાં

કુંવારાં સોળ વરસ તૂરાં તૂરાં

અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં

કે હોડી ખડક થઈ અમને નડ્યાં.

ક્યાં છે વીંટી અને ક્યાં છે રૂમાલ ?

ઝૂરવા કે જીવવાનો ક્યાં છે સવાલ !

કૂવો ભરીને અમે એટલું રડ્યાં

કે ખોબો ભરીને અમે મોહી પડ્યાં.

-----------------------------------------------

**—ભલ**

પાણી—કઠણ દરિયો ને આ સુવાસ–કઠણ  ફૂલ :

પ્રેમથી કઠણ થઈ ગયું છે જીવન જાણે ભૂલ !

અરસપરસની વાત : રાત તો દીવાલ પરનો રંગ,

દીવાલ પાછળ ઝૂરી રહે છે જીવ બનીને તંગ;

કુરુક્ષેત્ર પર વાવી દીધું આખુંયે ગોકુળ :

પાણી—કઠણ દરિયો ને આ સુવાસ—કઠણ ફૂલ.

હોઠે ભમતાં ગીતની પાછળ અવળાસવળા સૂર,

આગળ પાછળ પાગલ પગલાં : પ્રાણ વહે છે દૂર;

સરવર, તારા તળિયે જોને---ધૂળ, ધૂળને ધૂળ !

પાણી-કઠણ દરિયો ને આ સુવાસ-કઠણ ફૂલ :

------------------------------------------------------------------

## વારો નહીં

અમને પાગલને પાગલ કહી વારો નહીં,
આમ બીડેલા હોઠે પુકારો નહીં
બારી ખોલો ને કરો બારણાં તો બંધ
છલકાયે નહીં એ તો કેવો ઉમંગ ?
માટીમાં મહેક છે, ગારો નહીં.
અમને પાગલને પાગલ કહી વારો નહીં.
જળની આ માયા મેં છોડી નહીં,
અમને આપ્યાં હલેસાં, -પણ હોડી નહીં,
હું તો મારો નહીં ને હું તો તારો નહીં
અમને પાગલને પાગલ કહી વારો નહીં.

-----------------------------------------------

## કેમ કરીને

આટલા બધા સંબંધ : એને કેમ કરીને રાખું ?
શબરીની જેમ એક પછી એક બોરને જાણે ચાખું !
નહીં જાણું હું કોઈ ઘડીએ આવશે છેવટ રામ

રાતાં રાતા બોરની પાછળ ધબકે કોનું નામ ?
પહેલાં મને રામજી, ચાખો : લાગણી મારી લીલી
ઝૂંપડીની આસપાસમાં જુઓ, વાડી કેવી ખીલી !
રામજી ! આ તો તારી વાડી, ખીલ્યાં તારાં ઝાડ
બોરનાં કરું ઢગલા જાણે ફૂલના મ્હેકે પ્હાડ.
પ્હાડની પડખે રામજી ! તમે નદી થઈને વહો

લયનો દીવો તરતો તરતો કોઈ કિનારો લહો !

-------------------------------------------------

## ....એટલે નેહ આપણો....

બે વાડી વચ્ચે પથ્થર-બાંધી પાળ એટલે નેહ આપણો.

સુક્કા તરણે, તણખે તણખે ઝાળ એટલે નેહ આપણો.

બળદ જૂતેલો કૂવા વગરનો કોસ એટલે નેહ આપણો.

કંઠ પિયાવે વળગે એવાં જળનો ઝીણો શોષ એટલે નેહ આપણો.

ચબૂતરે ઊભરેલી ચણની ભીડ એટલે નેહ આપણો.

ખરી પડેલાં પીંછાં : વલખે નીડ : એટલે નેહ આપણો.

અન્ન અને ઘૂંટડાની વચ્ચે ભવભવની પગથાર : એટલે નેહ આપણો ?

અણજાણ્યાં લોકોની વચ્ચે પાંપણ પરનો ભાર : એટલે નેહ આપણો ?

અણદીઠાં પંખીને કંઠે ટહુકાનો સંદેહ : એટલે નેહ આપણો.

હળ્યામળ્યાનું હેત નહીં ને નથી કોઈનો છેહ : એટલે નેહ આપણો.

----------------------------------------------------------------

## તમને તો

તમને તો કોઈ દિવસ વાંકું પડે ને કદી ખોટું લાગે
ને વળી કેટલોય રોષ અને રીસ :
અમને તો એ જ લાગે સાચું : કે ભમરાને હોય કદી—
ફૂલોની, ફોરમની ભીંસ ?
કેવો ઉમંગ લઈ વૈશાખી વાયરો વગડાને વીંધીને આવ્યો ?
ફોરમનાં જુલ્ફાંમાં ક્યાંક હું લપાઉં એવા મનગમતા ખ્યાલને
ઝુલાવ્યો ?
જરા મરમ કરીને તમે પાસે આવો, પછી પડ્યું ફરો :
અને અમરતને કહી દોયો વિષ.
તમને તો કોઈ દિવસ વાંકું પડે ને કદી ખોટું લાગે
ને વળી કેટલોય રોષ અને રીસ.
તમને તો ગુલછડી હાથમાં ખપે : નહીં વાળમાં ગૂંથાયેલુ ફૂલ :
ઝરતાં આંસુને તમે ઓળખો નહીં ને તમે ધોળાં વાદળમાં મશગૂલ :
આઘેની મીટ અને પાસેની પ્રીત અને તૂટેલો લય અને
નંદવાયું ગીત—મારા મૂંગા આ હોઠે ગુંજીશ !
તમને તો કોઈ દિવસ વાંકું પડે ને કદી ખોટું લાગેને વળી કેટલોય રોષઅને રીસ.

## વાતોની કુંજગલી

વાતે વાતે તને વાંકું પડ્યું :

ને મેં વાતોની કુંજગલી છોડી દીધી.

શબ્દોને પંથ કોણ કોને નડ્યું ?

મેં તો વાતોની કુંજગલી છોડી દીધી

આંખોમાં વાદળાં ને શ્વાસોમાં વાયરા :

પણ અડકો તો ભોમ સાવ કોરી :

તારા તે કાન લગી આવી ઢોળાઇ ગઈ

હોઠ સમી અમસ્ત કટોરી

પંખીની પાંખમહીં પીંછુ રડ્યું :

મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.

હવે ખળખળતાં ટળટળતાં અંધાર્યાં જળ

કે અણધાર્યો તૂટી પડ્યો સેતુ :

પાસે રહીને મને લાગે છે કેમ હવે

કેટલાય જનમોનું છેટું !

મારાં રહીને મને લાગે છે કેમ હવે

ને મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.

---------------------------------------------------------------

## વિષમભોગ ...

....તો વાતો પ્રેમની વાતો તો પ્રેમની વાતો વ્હેમની તે
ને આરસના સિંહે ત્રાડ પાડી ને રૂનું કબૂતર ઊડી ગયું.
ચોકીપ્હેરો ભરતી શયનખંડની ચાર દીવાલો ખૂબ પાસે આવી
અને બે પલંગ પરની પથારીઓ એક થઈ ગઈ.
ઓશીકા પર ફેલાયેલા વાળમાં ઍરકન્ડીશનરનો

અવાજ ગૂંચવાઈ ગયો.

અને મીંચાયેલી આંખોએ હોઠ પરની વાતો સાંભળીને

પરિતૃપ્તિ પામ્યાનો પ્રયત્ન કર્યો.

લગ્નજીવનનાં વીતી ગયેલાં વર્ષો કબાટમાં

સૂટ અને સાડી થઈને લટકે છે.

સવારે ના'વા જાઉં છું ત્યારે બાથરૂમમાં હું પહોંચું એ પહેલાં જ
મારો ટુવાલ પહોંચી જાય છે; અને નાહીને ભીનો થયેલો હુ
નક્કી નથી કરી શકતો કે એમાં routine છે કે પ્રેમ.
મારાં બૂટ, મોજાં, ટાઈ, રૂમાલ—ની જેમ
હું વ્યવસ્થિત રીતે કેમ નહીં ગોઠવાતો હોઉં ?
શયનખંડની બત્તી બુઝાઈ જાય છે, હું પડખું ફરી જાઉં છું :

અને હવે તો સપનાંઓ પણ આવતાં નથી.

---

**આપણો નાતો**

સાવ અજાણ્યાં થઈ અચાનક
આમ, લોકમાં મળવું :
'અહો ! કેમ છો ?' એમ પૂછીને
ક્યાંક, વાટમાં વળવું,—

—જાણે નથી આપણો નાતો :

આપણો પ્રેમ : વિરહની વાતો.
એક વિરહની રાત છવાઈ
અનંત મૂગાં સપનાં ;
ઓઠીંગણમાં કેવળ આંસુ
અંતરની ઓછપનાં :
નહીં કાંઠા પર, નહીં મઝધારે
કદીયે નહીં ઊછળવું.
—જાણે નથી આપણો નાતો :
આપણો પ્રેમ : આમ ફંટાતો !

------------------------------------------------------------

## એટલે.......

કહી ન શકાય એટલો તને પ્રેમ કરું છું.

સહી ન શકાય એટલો તને પ્રેમ કરું છું.

આકાશ હવે આવડું અમથું નાનકું લાગે

ધરતી હવે જાણે કે પરમાણું લાગે

મન આ મારું ક્યારેક તો ઉખાણું લાગે :

સહી ન શકાય એટલો તને પ્રેમ કરું છું.

કેટલાયે આ શબ્દો—જાણે તરણાં જેવા

આવરું-બ્હાવરું દોડતાં જાણે હરણાં જેવા

પ્હાડથી જાણે દડતાં ઝીણાં ઝરણાં જેવા :

વહી ન શકાય એટલો તને પ્રેમ કરું છું.

ખડક થાઉં....તોય હવે તો તારા વિના—

રહી ન શકાય એટલો તને પ્રેમ કરું છુ.

---------------------------------------------------------------------

## સળિયા પાછળ

સાત જનમના સળિયા પાછળ પુરાયેલી એક વાત હોઠ પર આવી
એને પાછી દીધી ધકેલી સળિયે.
અરસપરસનાં તરસ્યાં દિળ હરણ થઈને ભટક્યાં હવે તો
મૃગજળ થઈ વળગીએ.
પીંછેપીંછે પીંખી દીધેલી વીંખી દીધેલી રાત હવે તો પાંખ
થઈને ચીખે
થાવણની આ સાંજ તણાં અંધારની ઓથે વૈશાખી આકાશ
વલખતું ધીખે
બે આંખો કૈં આંખ નહીં પણ આંસુ : આ તે ક્યા કૂવા ? કે ઝીણાં
ઝીણાં જળની સાથે ઝમ્યા કરે છે તળિયે !
સૂનો સૂનો મ્હેલ હવાને : સુગંધની આ ક્યા ઝરૂખે ઝૂરે

કુંવરી લઈ કુંવારી વાત ?
પીળીપીળી પઠી ગયેલી મેંદીને આ સાવ અભાગી બિંદી પૂછે :
શરણાઈના સૂર વરસશે ક્યા જનમને ઘાટ ?
રાધા ને આ શ્યામ વિનાના વૃંદાવનમાં અમે સળગતા રાન

# અને વેરાન થઈને મળીએ.....

---------------------------------------------------------------

**વમળવનમાં**

હવાલા, હેવાલો, હરફર બધી સભ્ય-પદની,
સભાઓ, ચ્હેરાઓ, ખડખડ થતી તાળી મદની :
અને સિદ્ધાંતોની અદલીબદલી : વંધ્ય શમણાં

કુટુંબે કાંતેલી સકળ કથની : સ્નેહ ભ્રમણાં.

સહી છે કૈં કૈં મેં વનળવનમાં અંધ ઘૂમરી.
વછોડેલા સંગો, અઢળક પ્રસંગોની ડમરી.
સગાંઓ, મિત્રો કે જનમન તણી કૈં ગમ નથી :
મને છોડો છોડો નિયતિકૃત આ નિત્યક્રમથી.
હવે હું પંપાળું પવનતુરગો કેરી પીઠને
અને લીલાં વૃક્ષો, સરવર તણી આર્દ્ર મીટને,
અહીં આંખો સામે શિખર, નભ ને મુક્ત વિહગ :
હવે હું મારાથી પળપળ થઈ જાઉં અલગ.
ત્યજીને વ્યક્તિનાં, વળી આહમ્નાં આક્રમણને
સજાવું મૂદેરાં અભરસભરાં સંક્રમણને.

---

## હું અધૂરી પ્યાલીને...

હું અધૂરી પ્યાલીને પંપાળતો બેસી રહ્યો

આ ભરી મ્હેફિલ : મને ઊઠી જતાં ના આવડ્યું.
લ્યો, સુરાલય પણ કરે છે બંધ દરવાજા હવે
ના નશો, ના ભાન છે : ઊઠી જતાં ના આવડ્યું.
આ તરંગો, વાયરો, આંધી, વમળ, વર્ષા, પ્રલય :
સાગર સમાવી નાવને ઊઠી જતાં ના આવડ્યું.
રાત ને વગડો : કસુંબો ઘૂંટતા'તા પાળિયા
રંગ દઈને એમને, ઊઠી જતાં ના આવડ્યું.
ગેલમાં આવીને ભીની ફૂંક મારી, એ છતાં
દીપને અમળાઈને ઊઠી જતાં ના આવડ્યું.
પ્રેમની શરમિંદગી વાત ચર્ચાઈ ચૂકી
ગૈ સભા ઊઠી, ને લે, ઊઠી જતાં ના આવડ્યું.

---------------------------------------------------------------

## કોઈ દિવસ સાંભળ્યું ?

શબ્દોના નીડમાં ખોવાયું ગીત
            હવે મારે એકાન્ત એને ખોળું !
માણસની ભીડમાં ખોવાયું સ્મિત
            હવે આંસુમાં કેમ કરી ખોળું ?
કોઈ દિવસ સાંભળ્યું કે ફૂલોના બાગમાં રઝળે છે સૂનમૂન સુગંધ ?
કોઈ દિવસ સાંભળ્યું કે વાદળના કાફલાને હૈયે નહીં જળનો ઉમંગ ?
      આ તે કેવી અભાગિયાની રીતે
            કે બાવળની કાંટચે પતંગિયાંનું ટોળું !
પાસે બોલાવીને પૂછશો નહીં કે મારા લયની ઘૂઘરીઓ કેમ તૂટી :
રસ્તામાં ક્યાં ? કેમ ? છૂટ્યો છે હાથ : બંધ પોપચાંમાં વેદનાને ઘૂંટી.
      રેતીમાં ક્યાંય નહીં ચરણો અંકિત
            હવે શમણાંના દરિયાને ડ્હોળું.

---------------------------------------------------------------

## મળો તો—

તમે સાંજે મળો તો મને એકલા મળો
    કે મારા દિવસ આખાને વળે હાશ :
—આવનારી રાતના ઝુમ્મરમાં સળગે નહીં
    ઉન્હા ઉજાગરાની પ્યાસ.
આંખો મીંચાય, પછી શરણું ઊગે—

    એ તો નીંદરમાં બાવળની શૂળ;
ઝાંઝવાની જીવલેણ નદીયું પર બાંધો નહીં
    વાયદાના ભાંગેલા પુલ :

એવી તે વાવી કઈ જીવતરમાં ભૂલ
    કે તમે મળવામાં આટલા ઉદાસ !

ધોધમાર તડકો કંઈ આછો થયો
    અને સાંજની હવા તો હવે બ્હાવરી;

કાળીકાળી વાદળી ખુલ્લા આકાશમાં
    વરસી નહીં કે નહીં આછરી :

આદરેલી વાત તમે અધવચ્ચે આંતરી
    ને શબ્દોના રૂંધાયા શ્વાસ !

---

## —ની ઉકતિ

અણગમતું આયખું લઈ લ્યોને, નાથ !
 મને મનગમતી સાંજ એક આપો :
 કે ક્યારનો મૃગજળમાં ઝૂરતો તરાપો
ખરી પડ્યાં પાંદડાંને હાથમાં લઈને

 મેં આંખોમાં રોપ્યું એક ઝાડ :
પંખીનાં લાડ કદી નીરખ્યાં નથી
 કે નથી સાંભળ્યો મેં નભમાં ઉઘાડ.
થીજેલાં જળમાં આ સૂતેલી માછલીને
 અર્જુનનો મત્સ્યવેધ આપો.
મને આપો એક સાંજ, મને આપો એક રાત
 મને આપો એક એવો આશ્લેષ—

ફરફરવા લાગે આ સાતસાત જન્મોના
 તાણીને બાંધેલા કેશ !
મારાથી સાવ મને અળગી કરીને નાથ,
 કાયમની કેદ મને આપો !

-----------------------------------------------------

## નિવેદન

માફ કરજે દોસ્ત
તું પાસે છતાંય હું મારામાં સંકોચાઇ જાઉં છું.
આ ઢળતી સાંજની ગમગીનીના પડછાયાનાં વૃક્ષો
મારા રસ્તા પર ઝૂક્યાં છે.
આ વૃક્ષની નીચે
તું મંદિર થઈને મ્હોરી શકે એમ છે,—

છતાંય મારે નીકળી પડવું છે ક્યાંક એકલા
—સાવ એકલવાયા.
હૉટલના ખૂણાના સૂનકારમાં
ખાલી            સાથે
આજની સાંજનો સંબંધ બાંધીશ.
માફ કરજે દોસ્ત,
I'd rather be alone....

વેદનાને જ્યારે શબ્દો જડતા નથી
ત્યારે હું એને પી જાઉં છું.
મારા નશામાં
કેટલીયે મ્હેફિલો ભાંગી પડી છે—

એ હકીકત તું જ જાણે છે;

એટલે જ

બીજા પાસે બોલબોલ કરતો

તારી પાસે ખૂબ ઉદાસ થઈને બેઠો છું.

મારા એકાન્તની ઈજ્જત કરનાર, દોસ્ત !

એક તને કહી શકું છું :

I’d rather be alone. .

---------------------------------------------------------------

## એટલે ? –

પાછો આવું ત્યારે
ખૂણામાં ઊભી એક અજંપાની મૂર્તિ
મને અનિદ્રાની ચાદર ને અગ્નિનાં ફૂલ આપે
એટલે
એ મારું ઘર ?
ટ્યૂબ લાઇટના પ્રકાશથી
આંધળા કાચની ચળકતી દીવાલ
એટલે
મારી કૅબિન !
ખુરશીઓથી ભીંસાતું ટેબલ
અને કાગળિયાંનું જતન કરતું
પેપરવેઇટ

એટલે
હું ?

---------------------------------------------------------

## લયને તળાવકાંઠે

ગીતગીતમાં ભાવ થઈ સળવળે અને ટળવળે
કે લયને તળાવકાંઠે કોની માયા ?
મૃગજળમાં આ કઈ માછલી લઈ
પાછલી જનમજનમની વ્યથા
કથાના ક્યહીં ગયા પડછાયા !
નહિ ફૂટેલું ઘાસ, પણે છે વણછૂટેલી વાંભ
આભની ગમાણ ખીલા સૂંઘે :
આંચળ વળગ્યું વાછરડું ને અમી ઓસર્યું આંતરડું
પણ ગાય નિરાંતે ઊંઘે.
કાળઝાળ આ કાળ ગળે છે, વાગોળે છે,
લીલાંલીલાં સપનાઓની કાયા.
ઓસરિયુંની અધવચ વળગ્યું પોચટ મધ
આમ તો મારું વણગાયેલું ગીત :
તારા ધૂપ થકી જે ઊડે, લાગણીઓ
તો બણબણ બૂડે
સાજન ! આ તો ટાંડરિયું સંગીત.
તારાં-મારાં ગીત હવે તો ડંખડંખમાં હાસ્ય થઈને

ત્વચા તળે રોમરોમ પથરાયાં !

-------------------------------------------------------

## ઇન્દ્રિયોપનિષદ્

હવે
મારે મારી પ્રતીક્ષાના પંથની કોર વાળી લેવી છે
અને ધસી આવવાનું છે તારી પાસે, ખૂબ પાસે;
આજ લગી
હથેળીમાં જાળવી રાખેલી મારી વાતને
સાંજના અંધકારના બગીચાના વૃક્ષની છાયામાં
તારાં સ્તનોને સોંપી દેવી છે,
કશું પણ બોલ્યા વિના—ચૂપચાપ.
આકાશને માથે રાખીને
લીલા ઘાસની શૈયા પર બસ પડ્યા રહેવું છે.
હવે બગીચામાં વાતના ફુવારાઓ ભલે ઊડે
—એના શીકરોથી છંટાઇ જવાની વયને

હું વટાવી ચૂક્યો છું.

શબ્દોના રંગીન પરપોટાઓ ઉડાડી ઉડાડીને
હોઠ તો થાકી ગયા છે.
હવે તો તારા વિનાની
મારા વિરહની દીર્ઘ રાત્રિ જેવા

ચુંબનોથી જ
વિસામો મળશે મારા હોઠને,—

મને.
અનેક ચંદ્ર ઊગીને આથમી જાય ત્યાં સુધી
મારે
તારી આંખોનાં ઊંડાણમાં તાક્યા કરવું છે—

જોઉં તો ખરો કે એ ભીનેરી ધરતીના ગર્ભમાં
ક્યારેક તાજી કૂંપળ ફૂટે છે કે નહીં ?
મારે કશુંય બોલવું નથી
મારે કશુંય સાંભળવું નથી.
આજ લગી શીખેલી ભાષાના બધા જ શબ્દોને
દેશવટો આપીને
મારે તારા રેશમી ખોળામાં પડ્યાં પડ્યાં
લવારો કરવો છે—

અર્થના શબ્દોને ઉતારીને સૂતેલી
આપણી વાતને આપણે ઢાંકવી નથી,
આંખ મીંચીને જોયા કરવી છે—

—અને મારે કેશવાસ ભોગવવો છે.
આપણી એવી કઈ વાત છે જે પૂરી નથી થઈ ?
અને એવી તો કેટલીયે વાતો છે જે
શરૂ જ નથી થઈ !
પ્રેમના પ્રારંભ પછી વાતના રસ્તાઓ ફૂટે છે
અને એ જ રસ્તાઓ પર પ્રેમ
મેળામાં ખોવાઈ ગયેલા અબુધ બાળકની જેમ
ખોવાઈ જાય છે.
વાતના બધા જ રસ્તાઓ બંધ કરવા છે;
અને મારે કરવો છે પ્રેમ—

આશા વિનાનો, તમાશા વિનાનો, ભાષા વિનાનો.
આદિ માનવને જ્યારે ભાષા નહોતી ફૂટી
ત્યારે એ કેટલો બધો સુખી હશે !
શબ્દો સ્પર્શને બુઠ્ઠો કરી મૂકે છે.
મારી આંગળીઓમાં એક નદી વહે છે
અને મારી છાતીમાં એક પર્વત ઊભો છે.
ગુફાના અંધકારને સૂરજના સાત અશ્વો હઠાવશે
ત્યારે કિરણનાં પંખીઓ ટહુકી ઊઠશે
અને ત્યારે

તારો બગીચો તારો નહીં રહે
તારા બગીચામાં હું આખીયે પ્રકૃતિને
ઊભી કરી દઈશ.
એકમેકની સોડમાં લપાઇને સૂતેલાં
જંગલી પશુઓ માટે
મને પક્ષપાત છે.
પશુઓ ગમે છે કારણ કે તેઓ ભાષા વિનાનો
પ્રેમ કરે છે.
પંખીઓ પાસે વ્યંજનો નથી, માત્ર સ્વર છે.
થાય છે કે ચાલને સિંહ અને સિંહણ થઈને
કોઈક જંગલમાં ચાલી નીકળીએ....

કોઈક તળાવ કાંઠે પાણી પીને
કાયમની તરસ છિપાવીએ.
આપણે તો મળીએ છીએ
પ્રેક્ષકોની વચ્ચે પશુ જેવાં—

આપણાં આ સરકસથી હું થાકી ગયો છું.
તને કોઈ દિવસ
મારી પહોળી છાતીમાં છુપાઇ જવાનું
મન થયું છે ખરું ?

મારા હાથથી ભીંસાઈ જવાની
કોઈ તીવ્ર ઉત્કંઠા
—જન્મતાંવેતજ શિશુ ચીસ પાડી ઊઠી એવી—

તારા હૃદયમાં પ્રગટી છે ખરી ?
તારી ઠંડીગાર દીવાલોમાં
ક્યારેક પણ સમુદ્ર એના વડવાનલને લઈને
ઘૂઘવ્યો છે ખરો ?
મારી છાતીના વાળના પૌરુષને ઝંખના છે
તારા સુંવાળા સાથળની.
થિયેટરના અંધકારમાં
ખુરશી પર બેસીને પ્રેમ કરનારાં યુગલો
મને રાણીબાગના પાંજરે પુરાયેલાં
પ્રાણીઓ જેવાં લાગે છે.
મારે તો આપણાં જંગલોને વીંધવા છે
અને જંગલી પશુઓ પાસે રહીને
નવેસરથી ઇન્દ્રિયોપનિષદ્....

------------------------------------------------------------

## પ્રવાહ

નદીનો પ્રવાહ ગતિ કરે છે
મહાસાગરમાં સ્થિર થવા માટે.
નદીની સ્થિરતા જ મહાસાગર,
અને સાગરની સ્થિરતા તે
આકાશનું એક વાદળ.
વિશ્વના આ મહામેળામાં
ગતિ અને સ્થિતિનું જાયન્ટ વ્હીલ—
મેરી...ગો....રાઉન્ડ....
મારા ભગવાન માટે મેં એક મંદિર રચ્યું છે.
અગરબત્તીની સુવાસના સ્તંભો ઉપર
લીલી કેળનાં પાનનું છાપરું ગોઠવ્યું છે.
ફૂલોમાં ‘તથાસ્તુ’ શબ્દનું એક સરોવર
કમળ થઈને ઊઘડ્યું છે :
અને બિડાયેલી આંખો સામે ઊભા છે તથાગત;
કહે છે કે
સિદ્ધાર્થ તો ભિક્ષાપાત્ર થઈ ગયો.
વિગત, સાંપ્રત અને અનાગતની પાર

આજવાળાંના આરસમાં

ઘીનો દીવો રણકે છે :

સુવાસના સ્તંભમાંથી પ્રકટે છે

નદીનો પ્રવાહ

મહાસાગરમાં સ્થિર થવા માટે !

-------------------------------------

## જલ આવાસ્યમ્

જળમાં જળના ડુંગર ડૂક્યા

જળમાં જળનાં આભ.

જળમાં જળનાં જળચર ડૂબ્યાં

જળમાં જળના ગાભ.

જળના નાનકડા બે સાગર

ટાપુ થઈને કંપે :

જળની રમણા થળથળ વ્હૈને

જળમાં જઈને જંપે.

જળનો સૂરજ ક્યાં ? જ્યાં ખૂંપ્યાં

જળમાં શુભ ને લાભ.

જળની ઝીણી આશા સરકે

જળના તપ્ત કપોલે :

જળના લયમાં જળની ઘૂઘરી

ગદ્-ગદ રણકે બોલે.

જળમાં ઝળહળ કમળ-વમળ ને

જળમાં જળના દાભ.

---------------------------------------------------

## ક્ષણ

રાક્ષસના સિમેંટિયા મેઢામાંની
લસરપટ્ટી જીભમાંથી
સરકી આવેલી એક ક્ષણ
વિહાર લેઇકના અસ્પશ્-ર્ય જળ પર સરતી હતી.
બાંધ્યા કાંઠાના તળાવનાં શાંત જળ
એટલાં લાપરવાહ હતાં કે
ક્ષણના તરવાથી
ક્ષણના હરવાથી
ક્ષણના ફરવાથી
એક્કેય વિચિ ઊઠી નહીં.
નિષ્પલક જળના આ નિષ્કલંક તળાવના

કાંઠાઓ ભૂમિતિની પૂર્વસંયોજિત રેખાઓને
ચાતરી ગયા છે,
ચમારના વાડામાંથી ઊઠતી
મરેલાં ઢોરની બદબૂને
જેમ
એક રોઝડી ચાતરી જાય એમ.
આ ક્ષણ—

કાન માંડીને ઊભેલી
સ્નાયુઓને તંગ બનાવીને ઊભેલી
પોતાના ગળાના કણસાટને પાંખોમાં થથરાવતી
બે કાંઠા વચ્ચે રહ્યે રહ્યે પણ સરકી જવા મથતી
—જ્યારે વર્તમાનના સાંકડા વોંકળામાં
પ્રવેશે છે ત્યારે, પ્રસ્તારના અભાવની પડછે
દીપી ઊઠવાની શક્યતાથી
સ્હેજ ભ્રમિત થાય છે.

કાળા મખમલની ટ્રેમાં હીરો છવાઈ જાય
લચી પડેલા આંબામાં કોયલનો
લીલો ટહુકો છવાઈ જાય
આકાશી અંધકારના ગળામાં
વીજળીની સેર છવાઈ જાય
સુખી ઝૂંપડીને ટોડલે ટોડલે
નવજાત બાળકની ચિચિયારી છવાઈ જાય

ટાઢેલી રાખમાં ધોળાં ધોળાં અસ્થિ છવાઈ જાય
મેડીએ ચડીને ટિંગાઈ રહેલી અપેક્ષાના કાનમાં
પાદરથી આવતી ઘોડાની હણહણાટી છવાઈ જાય
—એમ

આ ક્ષણ અત્યારે તળાવના અસ્તિત્વ પર

છવાઈ ગઈ હોત....

પણ,—

આ ક્ષણ તો ડઘાઈ ગઈ, દબાઈ ગઈ :

રાક્ષસી આંખ મંડાતાં જ માનવભક્ષ્ય

ડઘાઈ જાય

ભેખડો ધસી પડતાં એકલપંથીની

પગલીઓ દટાઈ જાય

મૃત્યુની સસણીમાં રામનું નામ દબાઈ જાય

દુનિયાની પગલાઈમાં પ્રેમનો ઉદ્-ગાર

ધરબાઈ જાય

એમ

આ એકાકી ક્ષણ

વોકળાની વાંકીચૂંકી ભેખડની

આભાસી સરળતાઓમાં બોદાઈ ગઈ.

પ્રવાસી વગરના પ્રવાસે નીકળેલી

આમ્રપાલીઓ અને ચંદ્રમુખીઓનાં ઝાંઝરમાં

ક્યારેક આ ક્ષણ સળવળી હશે.

હતાશ રાધિકાની કાચ જેવી આંખોથી

## પાછાં ફેંકાયેલાં

સૂર્યનાં કિરણમાં ક્યારેક આ ક્ષણ પ્રજ્વળી હશે.
દૂરદૂરના ડુંગરનાં સ્તનો ઉપર
ઊગેલા તુલસીના છોડમાં ચકલીની જેમ
આવી જઈને
આ ક્ષણ ક્યારેક તો તરવરી હશે.
આ વર્તમાનની ક્ષણ પ્રવર્તમાન છે
પણ આ ક્ષણનો વર્તમાન...........?
કે પછી
બાંધ્યા કાંઠાનાં આ જળ જ પ્રતારણા છે ?
આજે હવે
પેલી ક્ષણને
તરવાના, હરવાના, ફરવાના કોડ જાગ્યા
અને
પેલાં જળને
વહનને મુખરિત કરવાના....
ધોળા દૂધ જેવા ધોધના પહોળા પડદામાંથી
એક કાળા પથ્થરની તીક્ષ્ણ ધાર
બહાર ડોકાયા કરે છે તે જ એ ક્ષણ.
પેલી ક્ષણ

નીચે દડતા ગબડતા ભવિષ્યમા ધોધની

શિખા ઉપર

ક્ષણના મહેલ ચણવા મથે છે.

મહેલને ઝરૂખે ઝરૂખે

મહેલને પથ્થરે પથ્થરે

ભૂતકાળના પીપળા આડેધડ ઊગી નીકળ્યા છે.

દરેક પીપળાની ડાળે ડાળે

એક્કેકું ગીધડું એક એક પ્રસંગ થઈને બેઠું છે

અને તેમની ચાંચમાંથી ઝરે છે

પ્રતારણાના રંગનું લોહી.

સૂર્યના કિરણની પારદર્શકતા

કદાચ એ મહેલને બાળીને ભસ્મ કરે

અને તો

અને કદાચ

પેલા પીપળાઓ થઈ જાય

ડુંગરનાં સ્તનો ઉપર ઊગેલા તુલસીના છોડ.

પછી પળે પળે તર્યા કરે

પેલી ક્ષણ પેલા તળાવમાં

કે

પેલું તળાવ પેલી ક્ષણમાં.

--------------------------------------------------

## શોકસભા પહેલાં અને પછી

સંકોચ હતો : સ્થળનો નહીં, માણસોનો.

હલો, હલો, માઈક ટેસ્ટિંગ—વન, ટુ, થ્રી

—હલો, હલો....થી

કાન હલ્યા.

એક પ્રમુખની હાજરીમાં

વન-ટુ-અઢી વક્તાઓ બોલ્યે ગયા....

"મુરબ્બી સહૃદય, પ્રેમાળ,

સંસ્કારજીવનના અગ્રણી

સમાજરેવક, સન્નિષ્ટ સાહિત્યકાર

અને પ્રમાણિક...."

સજ્જનને જનોની પ્રમાણિત અંજલિ.

'કાંઠા'નું રત્ન પાકટ વયે કાંઠે કાંઠે ડૂબ્યું.

".....ડગલે ને પગલે તમે અમને ઢગલેર ઢગલે

યાદ આવવાના : કારણ, અમે નાનાં નાનાં કામ

તમારી માફરત કરાવેલાં : પણ અમારાં

મોટાં મોટાં કામ

હજી બાકી છે તે કોણ કરી આપશે ?—"

નવાબી મિજાજના હે ધીમંત બ્રાહ્મણ !
જનોઈના સોગંદ ખાઈને અમે કહીએ છીએ કે
તને જીવતાં તો ભૂલ્યાં,
પણ....હવે
તારાં સ્મરણોની રાખને
અમે ફૂંક્યા કરવાનાં.
મોતના મજનુના મત્ત ખુમારને
ગટગટાવીને પીનાર હે ગભીરા કંઠ !
હવે તો ખાતરી થઈને કે
સગાં, વહાલાં, સંબંધી (બંદી), મિત્રો
—સાહિત્યિક, સામાજિક ને પદવીના
સાર્વજનિક મિત્રો—

આ બધાં મળીને
માણસને
ફૂટેલા ફાનસ જેવો બનાવી દે છે !
હવાના ઝોકાથી રક્ષણ ન આપી શકનારાઓ
ખૂટતું જતુ દીવેલ ક્યાંથી પૂરી શકે ?
આધુનિક ક્રિયાકાંડ જેવા કાર્યક્રમના
ગૌરવને છાજે એવી

અદા–એ–શોક સાથે

અમે શોકઠરાવ પેશ કરીએ તે પહેલાં

સાહિત્યનાં સગાંઓની, તમારા વિદ્યાર્થીઓની

અને મરણોત્તર હિતચિંતકોની

આ જાહેરસભામાં

ખાલી ખુરશીઓની સાક્ષીએ

અમે તમને

પ્રતિજ્ઞાપૂર્વક વિદિત કરવા ઈચ્છીએ છીએ

કે હે સદ્-ગત આત્મા !

તમારી સાહિત્યકૃતિઓને એકઠી કરી

—અમારા મોભ્ભામાં પીંછું ચડાવે એ રીતે—

પ્રસિધ્ધ કરી શકાય

કે નહીં

એ વિષે

અમે સૌ

ક્યારેક ફુરસદે અવશ્ય વિચારશું ....

અને,

બે મિનિટના મૌન દરમિયાન

અમે અમારાં હૃદયના ધબકાર ગણી લીધા.
નાના મોટા શિષ્ટોપચારની વાતો કરતાં કરતાં
અમે વિખેરાયાં ત્યારે
તમારા મૃત્યુદિને મનમાં ઊઠેલો–શમેલો પેલો
પ્રશ્ન ફરી પાછો સળવળ્યો :
જે આંખો
વર્ષોથી ‘લૉરેન્સ ઍન્ડ મેયો’નાં ચશ્માંમાંથી જ
જોવાને ટેવાયેલી હતી
એ બંધ આંખોને
અમે જે દિવસે ઉનાળાની ભરબપોરે
સૂર્ય સામે તાકતી સુવાડી હતી
તે દિવસે પૂછી નાખવાનું મન થયેલું
કે
“મુરલીભાઈ, તમને આ તડકો
આ તડકો
બહુ
આંખમાં તો નથી આવતો ને ?”

---

## હું જોઉં છું મારી ઉત્તરક્રિયા

તળિયે નાવ ડૂબે એમ હું

મારી શય્યામાં શમતો જાઉં છું.

હોઠ ખોલ્યા વિના ડૉકટરે કહેવું પડશે.

“હવે.... આમાં કંઈ નથી.”

પછી—થોડાંક આંસુ, થોડાંક હીબકાં,

થોડાંક ફોન, થોડાક માણસો.

મારે અહીંથી જવું નથી, પણ ગયા વિના

મારો છૂટકો નથી.

શરીર અને જીવનો આમ પણ ક્યાં

મેળ મળ્યો’તો?

પહેલાં હું શરીરનું કહ્યું માનતો ન’તો

અને હવે શરીર....

શરીર હવે સાવ ઉદાસીન થઈ ગયું છે

—આગથી ને આંસુથી....

ભડભડ બળતી ચિતા પાસે

માણસો વાતો કરતા હશે,

પણ બહેરા કાનથી સંભળાશે નહીં.

સ્મશાનમાં પ્રવેશતાં જ
મંદિર આવશે પણ મને દેખાશે નહીં
અને હાથ જોડાશે નહીં.
સ્મશાનની બહાર વહી જતા વાહનોની ભીડને
કાયમને માટે ક્રોસ કરીને આવ્યો છું....
છાપાંમાં યુદ્ધના, ખૂનના, વિમાન પડવાના,
આગના સમાચાર હશે:
પણ, એથી શું? મારું પાંચ માળનું મકાન
થોડીક જ વારમાં ભસ્મીભૂત થઈ જશે
અને એની નોંધ છાપાંમાં'ન્યુઝ વેલ્યુ'વિનાની

-----------------------------------------------

**પ્રશ્ન**

મેં તો મોજાંને પૂછી બે દરિયાની વાત

તો મોજાં ક્હે : “દરિયો એ કોણ છે ?”

મેં તો રેતીને પૂછી બે દરિયાની વાત

તો રેતી ક્હે : : “દરિયો એ કોણ છે ?”

મેં તો કાંઠાને પૂછી બે દરિયાની વાત

તો કાંઠો ક્હે : “દરિયો એ કોણ છે ?”

મેં તો હોડીને પૂછી બે દરિયાની વાત

તો હોડી ક્હે : “દરિયો એ કોણ છે ?”

મેં તો માણસને પૂછી બે ઈશ્વરની વાત

તો માણસ ક્હે : “ઈશ્વર એ કોણ છે ?”

મેં તો ઈશ્વરને પૂછી બે માણસની વાત

તો ઈશ્વર ક્હે : “માણસ એ કોણ છે ?

—માણસમાં માણસ એ કોણ છે ?”

-------------------------------------------------------

## લાગણીની અ-ગીત વિરૂપિકા

સ્મરણોનાં સુક્કાં તળાવ

તળાવમાં તડકો ચડ્યો મારા ભૈ

મરણોનાં લીલાં તળાવ

તળાવમાં તડકો પડ્યો મારા ભૈ.

આંસુમાં બોળ્યો રૂમાલ

રૂમાલમાં સુરજમુખીને લ્હાય લાગી

સૂરજનો કાળો ગુલાલ

ગુલાલને પીળચટ્ટી ઠેસ એક વાગી :

દોસ્તોએ નાખ્યો પડાવ

પડાવમાં ભડકો ઢળ્યો મારા ભૈ.

કોઈ પૂછે નૈં 'કેમ છો' તો ય

તોય હું તો 'સારું છે, સારું છે'

કહું છું મારા ભૈ

એક પથ્થરમાં દેખાતું બિમ્બ

બિમ્બને હું મારું છે મારું છે કહું છું મારા ભૈ;

હોડીમાં દરિયો : તળાવ

કે દરિયામાં તણખો પડ્યો મારા ભૈ

કે પહ્રાડૅનો મણકો ખડ્યો મારા ભૈ.

-------------------------------------------------------

********************